જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૧૧/૨૦૨૦ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૬૬/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૯/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૮૭૯ | ૩ | ૧૦૮૮૨ | ૧૭૦૧૩ | ૩ | ૧૭૦૧૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૪૫૫ | ૭ | ૪૪૬૨ | ૫૯૭૫ | ૭ | ૫૯૮૨ |
| ૩ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૫ | ૦ | ૫૫ | ૨૩૪ | ૦ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૬૬૪૩ | ૧૧૮ | ૧૬૬૬૧ | ૧૭૫૬૭ | ૧૨૯ | ૧૭૬૯૬ |
| કુલ | | ૩૨૦૩૨ | ૧૨૮ | ૩૨૧૬૦ | ૪૦૭૮૯ | ૧૩૯ | ૪૦૯૨૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૯૭ | ૧૧,૬૧,૦૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૩૩ | ૧૫,૩૩,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન :

પોલીસ કમીશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા મ્હે.સંયુક્ત પો.કમિ.શ્રી, સેકટર-૧ રાજેન્દ્ર અસારી સાહેબ તથા ના,પો.કમિ.શ્રી,ઝોન-૧ શ્રી રવિન્દ્ર પટેલ સાહેબ તથા મ.પો.કમિ.શ્રી, “એ” ડીવીઝન શ્રી એમ.એ.પટેલ સાહેબનાઓએ અમદાવાદ શહેરમા મિલ્કત સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ બનેલ ગુન્હાઓ શોધી કાઢવા જરુરી સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.એમ.સરોદે સાહેબના માર્ગદર્શન હેઠળ તા.૨૯/૧૧/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પો.સ્ટે ના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ એમ.બી.જાડેજા સાહેબનાઓ સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. દરમ્યાન સર્વેલન્સ સ્ક્વોર્ડના અ.હે.કો. નરેંદ્રભાઇ પરસોતમભાઇ બ.નં.૪૭૬૧ નાઓને મળેલ બાતમી આધારે ચોરીનો મોબાઇલ ફોન તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તથા આરોપી પકડી પાડી વસ્ત્રાપુર પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૦૨૦૧૫૫૦/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯ (એ)(૩), ૧૧૪ મુજબનો ગુન્હો શોધી કાઢી વસ્ત્રાપુર પોલીસે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

**પકડાયેલ ઇસમો :-** નં.(૧) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નં.(૨) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર તથા નં.(૩) ઈમરાનઅલી સ/ઓ રહેમતઅલી ઉ.વ-૨૦ ધંધો.વેપાર રહે –કાજી મસ્જીદની પાસેની ગલીમા ફતેહવાડી જુહાપુરા અમદાવાદ મુળ રહે-રાજા બજાર ઉતરોલા જી- બલરામપુરા ઉત્તરપ્રદેશ

**કબ્જે કરેલ મુદ્દામાલ :-**

(૧) કાળા કલરનો એપલ કંપનીનો આઇફોન 11 મોડલનો મોબાઇલ ફોન IMEI નં.1-353980103673881 તથા IMEI નં.2- 353980103587354 નાનો કિ.રૂ.૨૫,૦૦૦/-

(૨) લાલ કલરનુ બજાજ કંપનીનુ પલ્સર જેના રજી. નં.GJ-27-H-5655 તથા એન્જી.નં-DHGBUK 67724 તથા ચેચીસ.નં-MD2DHDHZZUCK00453 નુ કિ.રૂ.૪૦,૦૦૦/- નુ મળી કુલ્લે કિ.રૂ.૬૫,૦૦૦/- નો મુદ્દામાલ

**કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ :-**

પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.એમ.સરોદે સાહેબ તથા પો.સબ ઇન્સ. શ્રી એમ.બી.જાડેજા તથા મ.સ.ઇ. જહાંગીરખાન ઇસ્માઇલ ખાન તથા અ.હેડ.કોન્સ નરેંદ્રભાઇ પરસોતમભાઇ તથા અ.હે.કો.રામચંદ્ર શાંતારામ તથા અ.લો.ર લાલજીભાઇ ચકાભાઇ તથા અ.લો.ર. વિશ્વરાજસિંહ હરદેવસિંહ

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રામોલ પોલીસ સ્ટેશન :

## જુગારનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ કુલ્લે રૂપીયા ૧૦૧૬૦/- ના મુદ્દામાલ સાથે ચાર ઈસમો ઝડપાયા

મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમીશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર શ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પો.ક.શ્રી "આઈ" ડીવીઝન સાહેબની સુચના મુજમ તેમજ પોલીસ ઈન્સપેક્ટર શ્રી એમ.એસ.કોટવાલ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ તા:૨૯/૧૧/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ બી.બી.સોલંકી તથા એ.એસ.આઈ રણજીતસિંહ મફતસિંહ બ.નં.૭૭૮૩ નાઓ સર્વે સ્કોડના સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની/પ્રવુર્તી અટકાવવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો ચેતનભાઈ રણછોડભાઈ બ.નં.૭૬૭૬ તથા પો.કો સત્યજીતસિંહ નિર્મળસિંહ બ.નં.૧૦૯૪ નાઓની સંયુક્ત બાતમી આધારે રામોલ ઉમીયાનગર સોસાયટી ખાતે આવેલ નાગેશ્વરી ડેરી નામની દુકાન વાળા મકાનના ત્રીજા માળે ખુલ્લા ધાબા ઉપરપંચો સાથે રેડ કરતા આરોપીઓ નં.(૧) શુશીલકુમાર સત્યદેવ બ્રાહ્મણ ઉવ:૩૨ રહે:ઉમીયાનગર સોસાયટી નાગેશ્વરી ડેરી ઉપરના મકાનમાં ત્રીજા માળે વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૨) જમીલ્લુદીન અલ્લાઉદીન શેખ ઉવ:૫૨ રહે:ખેતર બાબાની ચાલી રાજપુર ગોમતીપુર અમદાવાદ શહેર તથા નં.(૩) ગંધર્વસિંગ ઉદયભાણસિંગ ઠાકુર ઉવ:૩૮ રહે:૨૬૮ ચાણક્યપુરી સેક્ટર-૬ ઘાટલોડીયા અમદાવાદ શહેર તથા નં.(૪) મલખાનસિંગ રઘુવિરસિંગ રાજાવત ઉવ:૩૬ રહે:ઉમીયાનગર સોસાયટી નાગેશ્વરી ડેરી ઉપરના મકાનમાં ત્રીજા માળે વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર નાઓને પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમતા **રોકડા રૂપીયા ૧૦૧૬૦/- તથા ગંજી પાના નંગ:૫૨** મળી કુલ્લે રૂપીયા ૧૦૧૬૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેઓના વિરુધ્ધમાં ધી જુગારધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી, ૨૪૦ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૬ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૩,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૬૯/૨૦૨૦**

**અમરાઈવાડી**ઃ પંકજભાઇ ઓમપ્રકાશ અરોરા (રહે. જય રઘુનાથ સોસાયટી શીવમ સ્કુલ સામે વિજયપાર્ક બસ સ્ટેન્ડ કૃષ્ણનગર રોડ કૃષ્ણનગર) એ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૦ રાતના ૮/૩૦ થી તા.૨૯/૧૧/૨૦૨૦ સવારના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અમરાઇવાડી ભગીરથ એસ્ટેટ વિભાગ-૨ માં આવેલ દુકાન નંબર-૩૭ "સંતોષ એપરલ્સ" નામની દુકાનનુ શટર ઉંચુ કરી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી જીન્સ કાપડના પાંચ રોલ કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જી.બાવા ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૦૭૦/૨૦૨૦**

**નારણપુરા**ઃ અર્પિતકુમાર રોહીતભાઇ પટેલ (ઉ.વ.૨૫) (રહે. સાયોના બંગલોઝ વિભાગ-૧ આર.સી.ટેકનીકલ રોડ ચાંદલોડીયા ઘાટલોડીયા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૧/૨૦૨૦ કલાક ૩/૦૦ થી કલાક ૩/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા સાંઇનાથ કોમપ્લેક્ષના પાર્કિંગમા પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ કિમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી હરીશચંદ્ર અભેસિંહ ચલાવે છે.

**સેટેલાઈટ**ઃ હીતેષભાઇ પરમાનંદભાઇ કંસારા (ઉ.વ.૪૭) (રહે.શ્રીજી એપાર્ટમેન્ટ બીડી નાકાટાવર કડીયાશેરી રાજકોટ) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૦ સવારના ૯/૦૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન આંબાવાડી નહેરુનગર સર્કલ પાસે આવેલ હનુમાનજીના મંદીર સામેના રોડથી સેટેલાઈટ જોધપુર ચાર રસ્તા સુધીની શટલ ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રીક્ષામાં બેસેલ ત્રણ અજાણ્યા પુરૂષોએ હીતેષભાઇની નજર ચુકવી તેમના થેલામાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૩૫,૦૯,૯૬૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૭૧/૨૦૨૦</u>**

**પાલડીઃ** કલ્ગીબહેન વા/ઓ મૃણાલભાઇ ભારદ્વાજ (ઉ.વ.૨૯) (રહે.અભિષેક એપાર્ટમેન્ટ બીએમએમ સોસાયટી પાલડી) એ અગમ્ય કારણસર તા.૨૯/૧૧/૨૦૨૦ સવારના ૯૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "એન" ડીવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી